| | | | |
|---|---|---|---|
| | | દાખલ તારીખ: | ૧૧/૦૨/૨૦૨૫ |
| | | નોંધ્યા તારીખ: | ૧૧/૦૨/૨૦૨૫ |
| | | ફેસલ તારીખ: | ૦૫/૦૫/૨૦૨૬ |
| | सत्यमेव जयते | સમયમર્યાદા: | વર્ષ–માસ–દિવસ<br>૦૧ – ૦૨ – ૨૪ |

***************************************************

**મહીસાગર જિલ્લાના મહે. એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : લુણાવાડા**

***************************************************

**ક્રિમિનલ કેસ નં.૨૩૭/૨૦૨૫**
**આંક –૧૮**

| ફરીયાદી:– | ઉ.વ.આ. | ધંધો | રહેવાસી |
|---|---|---|---|
| રાવળ મફતભાઈ શનાભાઈ | ૪૨ | ખેતી<br>ડ્રાઈવીંગ<br>પશુપાલન | મુ.પો.હરદાસપુર,<br>તા.લુણાવાડા,<br>જી.મહીસાગર. |

**<u>વિરુદ્ધ</u>**

| આરોપી :– | ઉ.વ.આ. | ધંધો | રહેવાસી |
|---|---|---|---|
| ખાંટ પ્રકાશભાઈ રણછોડભાઈ | ૪૦ | નોકરી<br>ખેતી | મુ.ખાંટનાં ભેંસાવાડા,<br>તા.લુણાવાડા,<br>જી.મહીસાગર. |

---

**આરોપ :– ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ...**

---

**ફરિયાદી તરફે વિ.વ.શ્રી આર.સી.શર્મા**
**આરોપી તરફે વિ.વ.શ્રી કોઈ નહી**

---

## <u>જજમેન્ટ</u>

(૧) ફરીયાદપક્ષની ફરીયાદ હકિકત એવી છે કે, આ કામનાં આરોપી ફરીયાદીનાં ગામની નજીકનાં ગામનાં રહીશ હોઈ તેમજ લુણાવાડા મુકામે

પોસ્ટ ઓફીસમાં નોકરી કરતાં હોઇ ફરીયાદીને અવાર નવાર આવતાં જતાં હોય તેઓ વચ્ચે મિત્રતાનાં સંબંધો બંધાયેલા.

(૨) આ કામનાં આરોપીને સામાજીક પ્રસંગે નાણાંની જરૂર પડતાં ફરીયાદી પાસે આવેલા અને રૂા.૪,૦૦,૦૦૦/– હાથઉછીનાં નાણાંની માંગણી કરતાં ફરીયાદીએ મિત્રતાનાં નાતે આરોપીને સદર નાણાં રોકડા બે માસમાં પરત ચુકવી આપવાનાં વાયદે આપેલા. જે સમય પૂરો થતાં ફરીયાદીએ અનેકવાર આરોપી પાસે નાણાંની માંગણી કરેલ અને અંતે આરોપી ફરીયાદીનાં ઘરે આવી ફરીયાદીની કાયદેસરની લેણી રકમ ચુકવવા માટે આઇડીએફસી બેંક લુણાવાડા શાખાનાં ખાતા નં.૧૦૦૬૦૮૮૬૩૬૬ નો રૂા.૪,૦૦,૦૦૦/– નો ચેક નં.૦૦૦૦૦૨ નો તા.૧૬.૧૨.૨૦૨૪ નો લખી ફરીયાદી રૂબરૂ સહી કરી તેમાં લખેલી તારીખે બેંકમાં રજુ કરશો તો નાણાં મળી જશે. જે ચેક ફરીયાદીએ તેમની કેનરા બેંક લુણાવાડા શાખાનાં ખાતા નં.૧૧૦૭૯૬૮૫૦૩૩ માં તા.૧૬.૧૨.૨૦૨૪ નાં રોજ રજૂ કરતાં સદર ચેક 'PAYMENT STOPPED BY DRAWER' નાં શેરા સાથે વિનાં સ્વીકારાયે તા.૧૮.૧૨.૨૦૨૪ નાં રોજ પરત ફરેલ જેની જાણ ફરીયાદીને તા.૧૮.૧૨.૨૦૨૪ નાં ચેક રીટર્ન મેમાથી કરેલ.

જેથી ફરિયાદીએ આરોપીને તા.૨૭.૧૨.૨૪ ના રોજ તેમના વિદ્વાન વકીલશ્રી મારફતે રજી.પો.એ.ડી.થી નોટિસ આપેલ, જે નોટિસ આરોપીને તા.૨૮.૧૨.૨૪ ના રોજ બજી ગયેલ હોવા છતાં ફરીયાદીને ચેકના નાણાં ચૂકવેલ નથી કે નોટિસનો કોઈ જવાબ આપેલ નથી તેથી ફરિયાદીને હાલની ફરિયાદ દાખલ કરવાની જરૂર પડેલ હોવાનું જણાવેલ છે. આ ઉપરાંત આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈઓનો ભંગ કરી સજા તથા દંડને પાત્ર ગુનાઓ આચરેલ છે તેથી ફરીયાદીએ હાલની ફરીયાદ કરેલ છે.

(૩) સદર કામે ફરીયાદ દાખલ થતાં આરોપીને સમન્સ કરતા આરોપીને સમન્સની બજવણી થતા આરોપી તેઓના વકીલ મારફતે કોર્ટ સમક્ષ હાજર

થયેલ. આરોપીને કેસ પેપરની નકલો સી.આર.પી.સી. કલમ–૨૦૭ અન્વયે વિનામૂલ્યે પુરી પાડવામાં આવેલ. આરોપીને તેમના વિરુદ્ધ ગુનાની સમજ આપી **આંક–૦૬** થી પ્લી નોંધતા આરોપીએ ગુનો કબુલ ન હોવાનુ જણાવેલ છે. જેથી આરોપી વિરુદ્ધ સદર કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) સદર કામે ફરીયાદપક્ષ તરફથી પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવે છે.

**(અ) મૌખીક પુરાવો :–**

| અ.નં. | મૌખીક પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી રાવળ મફતભાઇ શનાભાઇનું પુરાવાનું સોગંદનામું | ૦૪ |

**(બ) દસ્તાવેજી પુરાવાઓ :–**

| અ.નં. | દસ્તાવેજી પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | આરોપીએ આપેલ ચેક નં.૦૦૦૦૦૨ અસલ | ૧૦ |
| ૨ | ફરીયાદીએ ચેક જમા કરાવ્યાની કાઉન્ટર ફોઇલ અસલ | ૧૧ |
| ૩ | ચેક પરત ફર્યા બાબતનો રીટર્ન મેમો અસલ | ૧૨ |
| ૪ | આરોપીને આપેલ ડિમાન્ડ નોટીસની ઓફીસ કોપી અસલ | ૧૩ |
| ૫ | આરોપીને નોટીસ આર.પી.એડી ની વિન્ડો સ્લીપ અસલ | ૧૪ |

(૫) ત્યારબાદ બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ મુજબ આરોપીનું વિશેષ નિવેદન કોર્ટ દ્વારા રાખવામાં આવેલ હોય પરંતુ એફ.એસ.નાં સ્ટેજે આરોપીએ હાજર રહી એફ.એસ.આપેલ ન હોય તેથી તેઓનો એફ.એસ.નો હક્ક ડિસ્કાર્ડ કરવામાં આવેલ.

(૬) સદર કામે ફરીયાદપક્ષ તરફે વિ.વ.શ્રી આર.સી.શર્મા નાઓએ દલીલ કરતા જણાવેલ છે કે, આ કામના આરોપીને સામાજીક પ્રસંગે નાણાંની જરૂર પડતાં ફરીયાદી પાસે આવેલા અને રૂા.૪,૦૦,૦૦૦/– હાથઉછીનાં નાણાંની માંગણી કરતાં ફરીયાદીએ મિત્રતાનાં નાતે આરોપીને સદર નાણાં રોકડા બે માસમાં પરત ચુકવી આપવાનાં વાયદે આપેલા. જે સમય પૂરો થતાં

ફરીયાદીએ અનેકવાર આરોપી પાસે નાણાંની માંગણી કરેલ અને અંતે આરોપી ફરીયાદીનાં ઘરે આવી ફરીયાદીની કાયદેસરની લેણી રકમ ચુકવવા માટે આઇડીએફસી બેંક લુણાવાડા શાખાનાં ખાતા નં.૧૦૦૬૦૮૮૬૩૬૬ નો રૂા.૪,૦૦,૦૦૦/– નો ચેક નં.૦૦૦૦૦૨ નો તા.૧૬.૧૨.૨૦૨૪ નો લખી ફરીયાદી રૂબરૂ સહી કરી તેમાં લખેલી તારીખે બેંકમાં રજુ કરશો તો નાણાં મળી જશે. જે ચેક ફરીયાદીએ તેમની કેનરા બેંક લુણાવાડા શાખાનાં ખાતા નં.૧૧૦૭૯૬૮૫૦૩૩ માં તા.૧૬.૧૨.૨૦૨૪ નાં રોજ રજૂ કરતાં સદર ચેક 'PAYMENT STOPPED BY DRAWER' નાં શેરા સાથે વિનાં સ્વીકારાયે તા.૧૮.૧૨.૨૦૨૪ નાં રોજ પરત ફરેલ જેની જાણ ફરીયાદીને તા.૧૮.૧૨.૨૦૨૪ નાં ચેક રીટર્ન મેમાથી કરેલ. જેથી ફરિયાદીએ આરોપીને તા.૨૭.૧૨.૨૪ ના રોજ તેમના વિદ્વાન વકીલશ્રી મારફતે રજી.પો.એ.ડી.થી નોટિસ આપેલ, જે નોટિસ આરોપીને તા.૨૮.૧૨.૨૪ ના રોજ બજી ગયેલ હોવા છતાં ચેકના નાણાં ચૂકવેલ નથી કે નોટિસનો કોઈ જવાબ આપેલ નથી. આમ, ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની જોગવાઈઓ મુજબની તમામ કાર્યવાહી સમય મર્યાદામાં ફરીયાદી દ્વારા કરવામાં આવેલ છે. તેમજ ફરીયાદીએ તમામ હકીકતો પોતાના સોગંદનામાથી તથા રજુ કરેલ આંક–૧૦ થી ૧૪ સુધીના દસ્તાવેજોથી પુરવાર કરેલ છે. તેમજ કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી. આરોપીએ ફરીયાદીને તેમની લેણી રકમ ચુકવેલ ન હોય આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ બદલ કસુરવાર ઠરાવવા, સજા કરવા માટે અરજ કરેલ છે.

(૭) સદર કામે આરોપી તરફે તેઓ જાતે કે કોઇ વિ.વ.શ્રી હાજર રહેલ નથી અને દલીલ માટે વારંવાર પોકાર કરવા છતાં તેમના તરફથી કોઈ દલીલ કરવામાં આવેલ નથી તથા તેમના બચાવ માટે પુરાવા રજુ કરવામાં આવેલ નથી તથા બચાવપક્ષની દલીલનો હક્ક બંધ કરવામાં આવે છે.

(૮) સદર કામે કેસ ના આખરી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબ ના મુદ્દા ઉપસ્થિત થાય છે.

## –:: મુદ્દાઓ ::–

| | |
|---|---|
| ૧ | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરીયાદી પાસેથી સામાજીક પ્રસંગે નાણાંની જરૂર પડતાં રૂા.૪,૦૦,૦૦૦/– હાથઉછીનાં નાણાંની માંગણી કરતાં ફરીયાદીએ મિત્રતાનાં નાતે આરોપીને સદર નાણાં રોકડા બે માસમાં પરત ચુકવી આપવાનાં વાયદે આપેલા જે સમયમર્યાદામાં ફરીયાદીને પરત ચુકવી આપેલ નહી જેથી ફરીયાદીએ તેઓના વકીલશ્રી મારફતે નોટીસ મોકલેલી જે નોટીસ આરોપીઓને બજી ગયેલ તેમ છતાં આરોપીઓએ તેનો કોઇ જવાબ આપેલ નહી કે નાણાં ફરીયાદીને પરત ચુકવી આપેલ નહી, આમ, ફરીયાદીની કાયદેસરની લેણી રકમ આરોપીઓએ પરત નહી ચુકવી ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટની કલમ–૧૩૮ મુજબની સજાને પાત્ર ગુનો કરેલ છે ? |
| ૨ | શું હુકમ? |

(૯) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

(૧) હકારાત્મક

(૨) આખરી હુકમ મુજબ

(૧૦) ઉપરોકત મુદ્દાઓના નિર્ણેયના મારા કારણો નીચે મુજબ છે.

## –:: કા ર ણો ::–

**<u>મુદ્દા નં–૦૧</u> :–**

**(૧૧)** સદર કામે કેસની હકિકતનો નિર્ણય કરતા પહેલા નામદાર સુપ્રિમ કોર્ટ તરફથી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુનાનુ ટ્રાયલ ચલાવવા માટે અનેક ચુકાદાઓમાં માર્ગદર્શન આપવામાં આવેલ છે. તેમજ નામદાર સુપ્રિમ કોર્ટ Indian Bank Association and others vs. Union of India રી.નં.૧૮/૨૦૧૩ ચુકાદાના માર્ગદર્શનના સિધ્ધાંતો આપવામાં આવ્યા છે જે માર્ગદર્શન નીચે મુજબ છે.

Court should direct the accused, When he appears to furnish a bail bond, to ensure his appearance during trial and ask him to take notice under Section 251Cr.P.C. to enable him to enter his plea of defence and fix the case for defence evidence, unless an application is made by the accused under Section 145(2) for re-calling a witness for cross-examination.

આમ, ઉપરોકત માર્ગદર્શન મુજબ ફરીયાદીને રી–કોલ કરવા અને ફરીયાદીની ઉલ્ટતપાસ કરવાની આરોપીએ અરજી આપવી જરૂરી છે અને જો તેનો બચાવ /વ્યાજબી હોય તો ઉલ્ટતપાસ કરવાની તક આપી શકાય પરંતુ હાલના કેસમાં આરોપી તરફથી ફરીયાદીની ઉલ્ટતપાસ કરવા આરોપી તરફથી ફરીયાદીને રી–કોલ કરવા અંગેની કોઈ જ અરજી કરેલ નથી.

**(૧૧.૧)** સદર કામે ફરીયાદીએ રજુ કરેલા સમગ્ર પુરાવા જોવામાં આવે તો આંક–૦૪ થી ફરીયાદી રાવળ મફતભાઇ શનાભાઈ નાઓએ પોતાના સોગંદનામાની સરતપાસ સોગંદનામા પર રજુ કરે છે. જેઓએ ફરીયાદમાં જણાવ્યા મુજબ આરોપીને સામાજીક પ્રસંગે નાણાંની જરૂર પડતાં ફરીયાદી પાસે આવેલા અને રૂા.૪,૦૦,૦૦૦/– હાથઉછીનાં નાણાંની માંગણી કરતાં ફરીયાદીએ મિત્રતાનાં નાતે આરોપીને સદર નાણાં રોકડા બે માસમાં પરત ચુકવી આપવાનાં વાયદે આપેલા. જે સમય પૂરો થતાં ફરીયાદીએ અનેકવાર આરોપી પાસે નાણાંની માંગણી કરેલ અને અંતે આરોપી ફરીયાદીનાં ઘરે આવી ફરીયાદીની કાયદેસરની લેણી રકમ ચુકવવા માટે આઇડીએફસી બેંક લુણાવાડા શાખાનાં ખાતા નં.૧૦૦૬૦૮૮૬૩૬૬ નો રૂા.૪,૦૦,૦૦૦/– નો ચેક નં.૦૦૦૦૦૨ નો તા.૧૬.૧૨.૨૦૨૪ નો લખી ફરીયાદી રૂબરૂ સહી કરી તેમાં લખેલી તારીખે બેંકમાં રજુ કરશો તો નાણાં મળી જશે. જે ચેક ફરીયાદીએ તેમની કેનરા બેંક લુણાવાડા શાખાનાં ખાતા નં.૧૧૦૭૯૬૮૫૦૩૩ માં તા.૧૬.૧૨.૨૦૨૪ નાં રોજ રજૂ કરતાં સદર ચેક 'PAYMENT STOPPED BY DRAWER' નાં શેરા સાથે વિનાં સ્વીકારાયે તા.૧૮.૧૨.૨૦૨૪ નાં રોજ પરત ફરેલ જેની જાણ ફરીયાદીને તા.૧૮.૧૨.૨૦૨૪ નાં ચેક રીટર્ન મેમાથી કરેલ. જે અસલ ચેક **આંક–૧૦** થી રજુ કરેલ છે. જે ચેક ફરીયાદીએ બેંકમાં જમા કરાવેલાની કાઉન્ટર સ્લીપ **આંક–૧૧** થી રજુ કરેલ છે. આરોપીના બેન્ક

ખાતાનો રૂ.૪,૦૦,૦૦૦/– નો ફરીયાદીના નામનો છે જે ચેકનો રીટર્ન મેમો **આંક–૧૨** થી રજુ છે. જેથી તેમના વકીલ મારફતે આપવામાં આવેલ ડીમાન્ડ નોટીસ તારીખ : ૨૬/૧૨/૨૦૨૪ ના રોજની **આંક–૧૩** થી રજુ થયેલ છે અને તે નોટીસ આરોપીને મોકલ્યાની આર.પી.એડીની સ્લીપ **આંક–૧૪** થી રજુ થયેલ છે.

**(૧૧.૨)** વધુમાં સદર કામે **આંક–૦૬** થી આરોપીની તારીખ ૧૯/૦૬/૨૦૨૫ ના રોજ પ્લી નોંધવામાં આવેલ છે તેમાં તેઓએ તેમનો ગુનો કબુલેલ નથી. આરોપીને મુદત આપવા છતાં આરોપી તરફથી ફરીયાદી હાજર હોવા છતા વારંવાર પોકાર કરવા છતા હાજર રહેલ નથી અને ઉલટતપાસ કરેલ નથી તેથી તેમની ઉલટતપાસનો હક્ક બંધ કરવામાં આવેલ છે. આમ, આરોપી તરફથી ફરીયાદીની કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી અને તે વખતે આરોપી પણ હાજર ન હોય માત્ર આરોપીની હાજરી માફી આરોપીના વિ.વ.શ્રી દ્વારા મંજુર કરવામાં આવેલ છે અને ફરીયાદીની ઉલટતપાસ કરેલ નથી. આથી ફરીયાદી દ્વારા જણાવવામાં આવેલી હકીકતો અને પુરાવો અનચેલેન્જડ રહે છે.

**(૧૧.૩)** વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટે Basalingappa Versus Mudibasappa ના ચુકાદામાં પેરા નં ૨૩ માં નીચે મુજબ ઠરાવેલ છે.

"We having noticed the ratio laid down by this Court in above cases on Sections 118(a) and 139, we now summarise the principles enumerated by this Court in following manner:-

(i) Once the execution of cheque is admitted Section 139 of the Act mandates a presumption that the cheque was for the discharge of any debt or other liability.

(ii) The presumption under Section 139 is a rebuttable presumption and the onus is on the accused to raise the probable defence. The standard of proof for rebutting the presumption is that of preponderance of probabilities.

(iii) To rebut the presumption, it is open for the accused to rely on evidence led by him or accused can also rely on the materials submitted by the complainant in order to raise a probable defence. Inference of

preponderance of probabilities can be drawn not only from the materials brought on record by the parties but also by reference to the circumstances upon which they rely.

(iv) That it is not necessary for the accused to come in the witness box in support of his defence, Section 139 imposed an evidentiary burden and not a persuasive burden.

(v) It is not necessary for the accused to come in the witness box to support his defence."

આમ, મૌખીક તથા દસ્તાવેજી પુરાવાથી ફરીયાદી પોતાનો કેસ પુરવાર કરેલ છે. વધુમાં, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૩૯ માં કાયદેસરના દેવા અને જવાબદારી માટે ચેક આપેલ હોવાનુ અનુમાન કરવાનુ રહે છે અને તે અનુમાનનુ ખંડન કરવાની જવાબદારી આરોપી પર રહે છે. હાલના કેસમાં બચાવપક્ષ દ્ધારા ખંડન થતા તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. તેમજ આરોપી તરફે દલીલના સ્ટેજે કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી. જેથી ફરીયાદપક્ષના પુરાવાને ન માનવા ને કોઈ કારણ નથી તથા ફરીયાદપક્ષનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ છે. મુદ્દા નં.૧ નો નિર્ણય હકારમાં આપુ છુ અને મુદ્દા નં. ૨ ના સંદર્ભમાં સજાના અનુસંધાને આરોપીને સાંભળવાની કાર્યવાહી કરવી જોઇએ પરંતુ આરોપી કે તેમના વકીલશ્રી અદાલતમાં હાજર રહેલા ન હોઇ, ફરીયાદી તરફેની જ રજુઆત આ અદાલત સાંભળી શકેલ છે. આ રજુઆતો મુજબ જયારે ફરીયાદી તેમનો કેસ તમામ પ્રકારની વ્યાજબી શંકાઓથી પર પુરવાર કરવામાં સફળ થયેલ હોય ત્યારે આરોપીને કાયદા મુજબની પુરેપુરી સજા તથા ચેકની રકમ કરતા ડબલ રકમનો દંડ કરવા વિનંતી છે. ફરીયાદીની આ રજુઆત ધ્યાને લેતા નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ ૧૩૮, ૧૩૯, ૧૪૨ ધ્યાને લેતા ૨ વર્ષ સુધીની જેલની સજા અથવા તો દંડ અથવા તો બંને કરી શકાય છે. આ કેસના તમામ પ્રકારના સંજોગો વંચાણે લેતા ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ મુદ્દા નં.૨ પરત્વે કરવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

**(૧)** આરોપી **ખાંટ પ્રકાશભાઈ રણછોડભાઈ** નાઓને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ ૧૩૮ મુજબ જવાબદાર ઠેરવી બી.એન.એસ.એસ.ની

કલમ ૨૭૮(૨) મુજબ તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીઓને ૧ માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીએ ફરીયાદીને ચેકની લેણી રકમ રૂા.૪,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાર લાખ પુરા) વળતર પેટે ચુકવી આપવી અને તે રકમ ન ચુકવે તો, ૬ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** આરોપી એફ.એસ. વખતથી હાજર રહેતા ન હોઈ આરોપીની ગેરહાજરીમાં બી.એન.એસ.એસ.ની કલમ-૩૯૨ તથા નામદાર ગુજરાત હાઇકોર્ટનાં શરદ જેઠાલાલ સાવલાનાં કેસમાં ઠરાવવામાં આવેલ સિધ્ધાંતો મુજબ હુકમ કરવામાં આવેલો છે જેથી આરોપી જ્યારે હાજર થાય ત્યારે સદરહુ હુકમની નકલ બી.એન.એસ.એસ.ની કલમ-૪૦૪ મુજબ વિના મુલ્યે આપવી.

**(૪)** આરોપી વિરૂધ્ધ બી.એન.એસ.એસ.ની કલમ-૪૫૮ મુજબ સજા વોરંટ ઈસ્યુ કરવુ.

હુકમ આજ રોજ તારીખ ૦૫ મી, માહે મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાચી સંભળાવી જાહેર કરવામાં આવે છે.

તારીખ :૦૫/૦૫/૨૦૨૬
સ્થળ :લુણાવાડા

**(પી.સી.સોની)**
એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,
લુણાવાડા, જી.મહીસાગર
જજ કોડ-જીજે ૦૦૮૪૮

PMK